



## ફ્રાન્સમાં ગાંધીનગરાઓ છવાયા

નગરની જાણીતી સંસ્થા 'રીધમ- ધ રીયલ ફોક આર્ટ ઓફ ઈન્ડિયા' દ્વારા ફ્રાન્સનાં કોન્ફલોન શહેરમાં ભારતીય સંસ્કૃતિની ઝાંખી દર્શાવવામાં આવી હતી. ઓગસ્ટ માસમાં યોજાયેલ આ યુરોપીયન ડાન્સ ફેસ્ટીવલમાં ભારત, મંગોલીયા, પોલેન્ડ, મકોનેસીયા, કેન્યા દેશનાં કલાકારોએ ભાગ લીધો હતો. ભારતીય નૃત્યોમાં 'રીધમ' સંસ્થા તરફથી રાઠવા, મીશ્રરાસ અને રાજસ્થાની નૃત્ય રજુ કરવામાં આવ્યા હતા. 'રીધમ ઓફ ઈન્ડિયા' ના શિર્ષક હેઠળ ૩ દિવસ ફકત ભારતીય નૃત્યોની જ રજૂઆત કરવામાં આવી હતી. જેમાં ભરતનાટયમ, શિવ તાંડવ અને ગણેશ વંદનાની રજૂઆત દ્વારા હાજર પાંચ હજાર શ્રોતાઓ મંત્રમુગ્ધ થઈ ગયા હતા. શહેર કોન્ફલોનના મેયરે ભારોભાર પ્રશંસા કરી હતી. ૪ યુવતીઓ અને ૧૪ યુવકોની એક સુંદર નૃત્ય ટીમે ભારત દેશ અને ગુજરાત વતી પ્રતિનિધિત્વ કર્યુ હતું. ઉલ્લેખનીય છે કે ગાંધીનગરની આ સંસ્થા 'રીધમ-ધ ફોક આર્ટ ઓફ ઈન્ડિયા'ના સંચાલક શ્રી બલવંત સીંધા એક ઉચ્ચ કક્ષાના તબલા વાદક પણ છે. જેઓ દ્વારા ૨૦૦૪થી વિદેશની ધરતી પર ભારતની સંસ્કૃતિ ધરાવતા સુંદર લોકનૃત્યોની રજૂઆત કરવામાં આવી રહી છે. ફ્રાન્સમાં યોજાયેલ ફેસ્ટીવલમાં રજુ થયેલ લોકનૃત્યોની અદભુત કોરીયોગ્રાફી શ્રીમતી દીપલ સીંધાએ કરી હતી. નગર, રાજય અને દેશની સંસ્કૃતિને વિદેશની ભૂમિ પર રજુ કરી પ્રસંશા મેળવનાર આ યુવાઓને ખુબ ખુભ શુભેચ્છાઓ અને અભિનંદન.

## આજના ધાર્મિક કાર્યક્રમ

- શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૨૩ દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના આજે રાત્રે ૯-૦૦ વાગે મુકેશભાઈ શુકલ, શ્રીધર ફલેટ ખાતે યોજાશે.
- શ્રી શિવશકિત શિવ મહિમ્ન સ્ત્રોત મંડળ સેકટર-૨૩ દ્વારા શિવ મહિમ્ન સ્ત્રોત આજે રાત્રે ૯-૦૦ વાગે જશોદાબા જાની પ્લોટ નં. ૪૮ વિરાટનગર ખાતે યોજાશે.
- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા શિવરૂદ્રાભિષેક અને શિવ મહિમ્નપાઠ આજે રાત્રે ૮.૩૦ વાગે નટવરલાલ ત્રિવેદી ૬૯૩/૨ સેકટર-૩-બી ખાતે યોજાશે.
- વાવોલ રામધામ ખાતે ચાલતી રામકથામાં આજે સોમવતી અમાસને દિવસે રામકથાની પૂર્ણાહુતિ કરવામાં આવશે.
- શ્રી બાજખેડાવાળ મંડળ ગાંધીનગર દ્વારા શિવ મહિમ્ન સ્ત્રોત અને શ્રી વિષ્ણુ સહસ્ત્ર પાઠ આજે રત્રે ૮.૩૦ વાગે બાલાજી મંદિર, સેકટર-૧૬ ખાતે યોજાશે. ઈલાબેન પંડયા દ્વારા પ્રસાદ વિતરણ કરાશે.

### સે-૨૪માં રામદેવપીરનો પાટ અને સંતવાણી

ગાંધીનગર, તા. ૨૪

સેકટર-૨૪ ઈન્દિરાનગર પોસ્ટ કોલોનની બાજુમાં બાર બીજના ધણી બાબા રામદેવ પીરનો પાટ અને સંતવાણી કાર્યક્રમ યોજવામાં આવશે. તા. ૨ ઓગસ્ટ મંગળવાર રાત્રે ૯-૦૦ વાગે સેકટર-૨૪ ઈન્દિરાનગર પોસ્ટ કોલોની બાજુમાં રામદેવ આશ્રમ ખાતે કાર્યક્રમ યોજવામાં આવશે. બીજા દિવસે સવારે ૯.૧૫ વાગે રામદેવપીરના વરઘોડાનુંનિશાન ચઢશે.

### બાલા હનુમાન મંદિર સે-૨ દ્વારા આજે દૂધના શિવલીંગના દર્શન

ગાંધીનગર, તા. ૨૪

આજે શ્રાવણ માસનો છેલ્લો સોમવાર અને છેલ્લો દિવસ છે. ત્યારે નગરના શિવાલયોમાં વિશેષ પૂજા અર્ચના કરવામાં આવશે. ગાંધીનગરમાં સૌ પ્રથમવાર બાલા હનુમાન મંદિર સેકટર-૨ ખાતે વિવિધ કાર્યક્રમ યોજવામાં આવશે.

શ્રાવણ માસમાં સોમવતી અમાસ અને સોમવાર એક જ દિવસે હોવાથી ભોળાનાથના ભકતોમાં અનેરો ઉત્સાહ જોવા મળે છે ત્યારે ગાંધીનગરમાં પ્રથમ વાર બાલા હનુમાનજી મંદિર સેકટર-૨ દ્વારા સવારે ૯ વાગે દૂધના શિવલીંગના દર્શન સવારે ૯.૩૦ કલાકે, ભોળાનાથનો લઘુરૂદ્ર યજ્ઞ, ૧૦.૩૦ વાગે પંચામૃત મહાઅભિષેક, રાત્રે ૭.૩૦ વાગે મહાદેવની મહાઆરતી અને ૧૦૮ દિપમાળા ઝળહળાવામાં આવશે.

### કોબા-અડાલજ રોડ પર વાહનની અડફેટે વૃધ્ધાનું ઘટનાસ્થળે મૃત્યુ

ગાંધીનગર નજીક સ્થિત કોબા-અડાલજ રોડ પરથી મહેસાણા જિલ્લાના કડી તાલુકા વિસ્તારના એક ગામની વૃધ્ધા પસાર થઈ રહી હતી. તેદરમિયાન આજે સવારે એક અજાણ્યા વાહને તેમને અડફેટે લઈ લેતા વૃધ્ધાનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું.

# સાસુ-પતિના ત્રાસથી સે-૧૭ની પરિણીતાનો ઝેરી દવા પી આપઘાત

### સાસુ અને પતિ કામ બાબતે મારઝુડ કરીને અવારનવાર ત્રાસ આપતા હોવાની મૃતકના પિતાની પોલિસ ફરિયાદ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરના સેકટર-૧૭ ખાતે રહેતી ૩૫ વર્ષીય પરિણીતાએ ગઈ કાલે સમી સાંજે પોતાના ઘરે જ ઝેરી દવા ગટગટાવી લઈ આપઘાત કરી લેતા સમગ્ર વિસ્તારમાં સન્નાટો ફેલાઈ જવા પામ્યો હતો. પરિણીતાએ તેણીના સાસુ અને પતિના ત્રાસથી કંટાળીને અંતિમ પગલુ ભર્યું હોવાની ફરિયાદ સે-૨૧ પોલીસ મથકે નોંધાતા પી.આઈ. ડીંડોરે ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

અમદાવાદના હાથીજણ ખાતે સ્થિત વિવેકાનંદ નગર વિસ્તારમાં રહેતા મણીભાઈ વનાભાઈ પારેખની દિકરી પ્રવિણાબેનના લગ્ન ૧૫ વર્ષ પહેલા ગાંધીનગર સે-૧૭ ખાતે રહેતા ધર્મેન્દ્રભાઈ કનુભાઈ શર્મા સાથે થયા હતાં. સે-૧૭ના ઘરે જ ગઈ સાંજે પ્રવિણાબેને ઝેરી દવા પી લઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી હતી. આપઘાત અંગે પ્રવિણાબેનના પિયરે જાણ થતા પિયરપક્ષેથી પણ સંબંધીઓ દોડી આવ્યા હતાં. મૃતકના પિતા મણીભાઈ પારેખે સે-૨૧ પોલીસ મથકમાં પતિ ધર્મેન્દ્ર શર્મા અને સાસુ લીલાબેન કનુભાઈ શર્મા બંને સામે ફરિયાદ નોંધાવી છે. સાસુ અને પતિ બંને કામ બાબતે અવાર નવાર મારઝુડ કરી ત્રાસ આપતા હોવાની મૃતકના પિતાની ફરિયાદને આધારે સે-૨૧ પોલીસે તપાસ આરંભી છે.

### આરોપી પતિ મંત્રી જયેશ રાદડીયાનો પટાવાળો છે...!

સે-૧૭ બ્લોક નં. ૯/૧, ચ ટાઈપ ખાતે રહેતો ધર્મેન્દ્ર કનુભાઈ શર્મા સામે તેની પત્નિને આપઘાત કરવા માટે દુષ્પ્રેરણ કર્યાનો ગુનો નોંધાયો છે. આરોપી પતિ ધર્મેન્દ્ર મંત્રી જયેશ રાદડીયાની ઓફિસમાં પટ્ટાવાળા તરીકે નોકરી કરતો હોવાની વિગતો જાણવા મળી છે. પોલીસે તેની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

## રાષ્ટ્રીય જીમનાસ્ટીક સ્પર્ધામાં એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલના બે વિદ્યાર્થીઓની પસંદગી

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલના બે વિદ્યાર્થીઓની તાજેતરમાં રાષ્ટ્રકક્ષાની જીમનાસ્ટીક સ્પર્ધામાં પસંદગી કરાઈ છે. એસ.જી. પ્રાયમરી સ્કૂલના




વિવેક યાદવ અને પ્રગતિ માલીનું રાજયકક્ષાની સ્પર્ધામાં સારું પ્રદર્શન થતાં બંનેની નેશનલ લેવલે પસંદગી થઈ છે. આગામી દિવસોમાં બંને વિદ્યાર્થી ખેલાડીઓ રાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લેવા જશે. શાળાના વિવેક યાદવની જીમનાસ્ટીક સ્પર્ધામાં નેશનલ લેવલે પસંદગી થઈ છે સાથે સાથે તરણ સ્પર્ધામાં પણ તેની રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી થઈ છે. શાળાના આચાર્યા એ બંને ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા છે અને આગામી દિવસોની સ્પર્ધામાં વિજેતા થવા માટે હાર્દિક શુભેચ્છા પણ પાઠવી છે.

# ચિલોડા પંથકમાં વરસાદે ભારે ધબડાટી બોલાવી

### ચિલોડા સહિત ડભોડા, પ્રાંતિયા અને લવારપુર વગેરેમાં પણ વરસાદની તોફાની રી-એન્ટ્રી : ખેડૂતો આનંદમાં

ચિલોડા, તા. ૨૪

ગાંધીનગર તાલુકાના ચિલોડા અને તેની આસપાસના ગામો જેવા કે ડભોડા, પ્રાંતિયા અને લવારપુર વગેરે પંથકમાં સમી સાંજે વરસેલા ધોધમાર વરસાદે જબરદસ્ત ધબડાટી બોલાવી હતી. ભારે ગાજવીજ અને વીજળીના ચમકારા સાથે વરસેલા તોફાની વરસાદના કારણે લોકોમાં ગભરાટનું મોજુ ફરી વળ્યું હતું અને ચિલોડા ગામની ગાયોએ ડરના માર્યા ભાગમભાગ કરી મુકી હતી. જો કે આ વરસાદના કારણે ડાંગર, કપાસ અને મગફળીના પાકને ફાયદો થાય તેમ હોઈ ખેડૂતોમાં આનંદનું મોજુ ફરી વળ્યું હતું.

સમી સાંજે ભારે ગાજવીજ સાથે વરસેલા તોફાની વરસાદના કારણે વાતાવરણ એકદમ પલ્ટાઈ ગયું હતું. બપોર સુધી સતત ઉકળાટ અને ગરમીથી ત્રસ્ત માહોલમાં એકાએક પરિવર્તન આવ્યું હતું અને વરસાદી ઝાપટાથી જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. ચિલોડા સર્કલ પાસે નેશનલ હાઈવે પર વાહનોની લંગાર લાગી ગઈ હતી. કારણ કે જોરદાર વરસાદના કારણે રોડ પર આગળનું કશુ દેખાતુ નહોતુ અને વાહન હંકારવામાં મુશ્કેલી પડી રહી હતી. આથી વાહનચાલકોએ ગાડીની લાઈટો ચાલુ કરવી પડી હતી. સતત મોટી મોટી ગર્જનાઓના કારણે ચિલોડા સર્કલ પાસે એક ગાયોના ધણે ગભરાઈને થોડીવાર માટે ભાગમભાગ કરી મુકી હતી જેના કારણે લોકોના જીવ પડીકે બંધાયા હતા.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ચિલોડા પંથકમાં વરસેલા આ વરસાદના કારણે ખેતરોમાં પાણી ફરી વળ્યા હતા અને સતત પવન સાથે તોફાની વરસાદથી જુવારનો પાક જમીનદોસ્ત થઈ જવા પામ્યો હતો. જો કે આ વરસાદના કારણે ડાંગર, કપાસ અને મગફળી જેવા અનેક પાકોને પાણીની ખેંચમાં રાહત મળતા ધરતીપુત્રો ગેલમાં આવી ગયા હતા. છેલ્લા કેટલાક સમયથી વરસાદે કાઢેલા વરાપને લીધે ખેડૂતો ચિંતાતુર હતા અને જો આ બ્રેકનો સમયગાળો લંબાયો હોત તો નિશ્ચિતપણે ખેતીને નુકસાન થવાનો ભય હતો. પરંતુ આ સમયે જ વરસાદે રી-એન્ટ્રી કરતા સમગ્ર પંથકમાં કિસાનોમાં રાહતની લાગણી પ્રસરવા પામી છે.




### ગાંધીનગરમાં રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધા યોજાઈ

ભારત વિકાસ પરિષદ દ્વારા ગાંધીનગરના ટાઉનહોલમાં રાષ્ટ્રીય સમૂહગાન પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રતિયોગિતામાં કુલ ૧૫ ટીમોએ ભાગ લઈને હિન્દી અને સંસ્કૃતિમાં એક પછી એક ચઢિયાતા રાષ્ટ્રગીતો રજૂ કર્યા હતા. સુમધુર કર્ણપ્રિય રાષ્ટ્રીય સમૂહગીતોને કારણે સમગ્ર વાતાવરણ દેશભક્તિની ભાવનાથી મહેંકી ઉઠ્યું હતું. (તસવીર : કશ્યપ નીમાવત)

## ધણપ પાસે હાર્ડવેરની દુકાનમાં તસ્કર ટોળકીનો હાથફેરો

### સ્ટોપર ખોલીને દુકાનમાં ઘુસેલા તસ્કરો ૮ હજારનો માલ ચોરી ગયા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર નજીક આવેલા ધણપ ગામની સીમમાં સ્થિત ચૈતન્યધામની સામે એક હાર્ડવેરની દુકાનને મધરાત્રીએ તસ્કરોએ નિશાન બનાવી હતી. દુકાનના દરવાજાની સ્ટોપર ખોલીને ઘુસેલા તસ્કરો હાર્ડવેરનો અંદાજે આઠ હજારની મત્તાનો સામાન ચોરી કરી ફરાર થઈ ગયા હતા. દુકાનમાલીકની ફરીયાદને આધારે ચિલોડા પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

ચિલોડાથી હિંમતનગર જતા હાઈવે પર સ્થિત ધણપ ગામની સીમમાં ચૈતન્યધામની સામે આવેલી હાર્ડવેરની દુકાનમાં રાત્રી દરમ્યાન તસ્કરો ત્રાટક્યા હતા. દુકાનની સ્ટોપર ખોલીને દરવાજામાંથી પ્રવેશ કરી તસ્કરો એલ્યુમીનીયમ સેકશન, સ્ક્રુ, નટ-બોલ્ટ, ડ્રીલ મશીનો તથા વિવિધ હાર્ડવેરને લગતો સામાન મળીને રૂ. ૮ હજારનો મુદ્દામાલ ચોરી કરી પલાયન થઈ ગયા હતા. સવારે દુકાન માલીક અશોકભાઈ થાનારામ ખંડેલવાલા દુકાન ખોલવા ગયા ત્યારે દરવાજો ખુલ્લો જોઈ પરિસ્થિતિ પામી ગયા હતા અને ચોરી અંગે ચિલોડા પોલીસને જાણ કરીને બોલાવી લઈ ફરીયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી તસ્કરો સુધી પહોંચવા તજવીજ આરંભી છે.

# ૪૦૦ માર્કસના બે પેપરના એમ.સી.ક્યુ. કોના લાભ માટે મુકવામાં આવ્યા છે ? : કોંગ્રેસ

ગુજરાત સરકાર દ્વારા સાત વર્ષ પછી જી.પી.એસ.સી. ક્લાસ-૧ અને ૨ માટે ભરતી પ્રક્રિયા જાહેર કરવામાં આવી છે ત્યારે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જે પરીક્ષા યોજાવવાની છે તેમાં ગુજરાતના મોટા ભાગના વિદ્યાર્થીઓને મુશ્કેલીઓ થાય અને ચોક્કસ લોકોને ફાયદો થાય તે પ્રકારની વ્યવસ્થા ગોઠવાઈ હોવાનો આક્ષેપ કરતા કોંગ્રેસના પ્રવકતા ડૉ. મનિષ દોશીએ જણાવ્યુંકે, ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા કલાસ-૧ અને ૨ માટેની સ્પર્ધાત્મક પરીક્ષા સાડાત્રણ લાખથી વધુ વિદ્યાર્થીઓએ અરજી કરી છે. જીપીએસીની મુખ્ય પરીક્ષામાં પેપર-૪ અને ૫ માં ૨૦૦-૨૦૦ માર્કસના એમ.સી.ક્યુ. -ઓબકજેક્ટીવની જોગવાઈ કરવામાં આવી છે. દેશમાં યોજાતી કોઈ પણ સ્પર્ધાત્મક મુખ્ય પરીક્ષામાં એમ.સી.ક્યુ. હોતા નથી. યુ.પી.એસ.સી. ના સાત પેપરમાંથી એકપણ પેપરમાં એમસીક્યુ નથી. ૪૦૦ માર્કસના બે પેપરના એમ.સી.ક્યુ. કોના લાભ માટે મુકવામાં આવ્યા છે ? અગાઉ જી.પી.એસ.સી.માં બે જ પેપર હતા જેના બદલે હવે ત્રણ પેપરની જોગવાઈ કરવામાં આવી છે. પેપર-૧ માં ગુજરાતી અને અંગ્રેજી, પેપર-૨ માં તાર્કિક કસોટી અને ગણતરી સંબંધિત ક્ષમતા અને પેપર-૩ સામાન્ય જ્ઞાન જેમાં કેટલા પ્રશ્નો છે ? કેટલું વેઈટેજ ? જાહેર કરવામાં આવ્યું નથી. જી.પી.એસ.સી. માં અગાઉ અંગ્રેજી હતુ નહી આ વખતે ૭૫ માર્કસ અંગ્રેજીની જોગવાઈ કરવામાં આવી છે. યુપીએસસીની પરીક્ષામાં સીસેટ વિવાદમાં સમગ્ર દેશમાંથી મોટા પાયે વિરોધ દેખાવો થયા હતા ત્યારે ભારત સરકારને અંગ્રેજીના માર્કસ મેરીટમાં ગણાશે નહી તેવી જાહેરાત કરવાની ફરજ પડી છે. જીપીએસસીમાં સીસેટનું મોડલ જ સીધુ મુકવામાં આવ્યું છે તો પછી ગુજરાતના યુવાનો માટે યુપીએસસીની જેમ કેમ કોઈ જાહેરાત નહી ? યુપીએસસી સીસેટમાં ૬૦ ટકા ગણિત આવે છે જ્યારે જી.પી.એસ.સી. માં ૧૧૦ ટકા ગણિતની જોગવાઈ કરવામાં આવી. અગાઉ જી.પી.એસ. સી. માં ૨૬ થી ૩૦ માર્કસનું ગણિત જ પુછાતુ હતુ અને તે પણ સામાન્ય ગણિત હતુ. જી.પી.એસ.સી.માં ભાષાના માધ્યમના લીધે પણ ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને ભારે નુકશાન જાય તેવી સ્થિતિ છે.

જી.પી.એસ.સી.ની ક્લાસ-૧ અને ૨ ની પરીક્ષા ચોક્કસ લોકોના ફાયદા માટે હોય તે રીતે એક પછી એક વાત બહાર આવી રહી છે ત્યારે જાહેર સ્પર્ધાત્મક પરીક્ષામાં ગુજરાતના યુવાનોને અન્યાય નહી થાય તે અંગે ટકોરાબંધ ખાતરી કેમ ભાજપ સરકાર જાહેર કરતી નથી.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૦
સૂર્યાસ્ત : ૭.૦૩

## તાપમાન

મહત્તમ : ૩૪.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૫ ટકા ● સાંજે ૯૬ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

સિંઘમ રિટર્ન્સ : ૧૨.૪૫, ૩.૪૫, ૬. ૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

મર્દાની : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

ધ એક્પેન્ડેબલ્સ ૩ (અંગ્રેજી) : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫

સ્ક્રીન-૪ :

મેડ અબાઉટ ડાન્સ : ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

મર્દાની : ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

સિંઘમ રિટર્ન્સ : ૧૦.૦૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

મર્દાની : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦

સિંઘમ રિટર્ન્સ : ૧.૩૦, ૭.૩૦

: સ્ક્રીન-૨ :

ધ એક્પેન્ડેબલ્સ ૩ (અંગ્રેજી) : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫

મેડ અબાઉટ ડાન્સ : ૧.૧૫, ૭.૧૫

સ્ક્રીન-૩ :

મર્દાની : ૧.૦૦, ૭.૦૦

સિંઘમ રિટર્ન્સ : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**મીન** : સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

## ચિરવિદાય

- સ્વ. પ્રવિણાબેન ધર્મેન્દ્રભાઈ શર્મા (ઉ.વ.૩૫) બ્લોક નં. ૦૯/૦૧, છ-ટાઈપ, સેક્ટર-૧૭ ગાંધીનગર.
- સ્વ. ઠાકોર જોઈતાજી સોમાજી (ઉ.વ.૭૮) મુ.પો. ઈસન્ડ, તા. કલોલ, જી. ગાંધીનગર.
- સ્વ. ગંગાબેન મણીલાલ પરમાર (ઉ.વ.૬૨) મુ. ઉવારસદ, તા.જી. ગાંધીનગર